હે અબૂ બકર! તે બે વ્યક્તિઓ માટે તમારું શું અનુમાન છે, જેમની સાથે ત્રીજો અલ્લાહ હોય

અબૂ બકર સિદ્દીક રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેમણે કહ્યું: મેં ગુફામાં
મુશરિકોના પગ તરફ જોયું, તે અમારી પાસે ઉભા હતા, મેં કહ્યું: હે અલ્લાહના પયગંબર! તેમાંથી એક પણ જો પોતાના પગ તરફ જોઈ લેશે, તો આપણે બન્ને નજર આવી જઈશું, આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «હે અબૂ બકર! તે બે વ્યક્તિઓ માટે તમારું શું અનુમાન છે, જેમની સાથે ત્રીજો અલ્લાહ હોય». [સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [મુત્તફકુન્ અલયહિ]

મોમિનોના આગેવાન અબૂ બકર સિદ્દીક રઝી અલ્લાહુ અન્હુ હિજરતના સમયે કહ્યું: મેં ગારે ષોરના દ્વાર પાસે ઉભા રહેલા મુશરિકોના પગ તરફ જોયું જયારે અમે અંદર હતા, તો મેં કહ્યું: હે અલ્લાહના પયગંબર! જો તેમના માંથી કોઈ પોતાના પગ તરફ જોઈ લે શે, તો તે આપણને પોતાની નીચે જોઈ લે શે, તો આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: હે અબૂ બકર! તમે તે બે વ્યક્તિ વિષે શું અનુમાન લગાવો છે, જેમની સાથે ત્રીજો અલ્લાહ હોય, જે તેમને વિજય, મદદ, સુરક્ષા અને વ્યવસ્થા પ્રદાન કરી રહ્યો હોય?!

http://www.sunnah.global/hadeeth/gu/show/3447